# જિલ્લામાં ૬૦ થી ૨૦૦ ફૂટ સુધી પાણીનાં તળ ઉંડાં ઉતર્યા

**અનેક બોરવેલ પાણી છોડવા લાગ્યા, ઘરેલું સિંચાઈ વિસ્તાર ઘટવાની દહેશત : તમામ તળાવ, ચેકડેમ સૂકાભઠ્ઠ પછી નદીઓ પણ સૂકાઈ રહી છે**

બાયડ (બ્યુરો ઓફીસ) તા.૨૦

ગત ચોમાસા દરમ્યાન સારા વરસાદ પછી પણ ભૂગર્ભ જળભંડાર નબળો પડી રહ્યો છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ઉત્તર-દક્ષિણ તેમજ કેટલાક પશ્ચિમ પટ્ટામાં પાણીનાં તળ સરેરાશ ૬૦ થી ૨૦૦ ફૂટ સુધી ઉંડાં ઉતરતાં અનેક બોરવેલ પાણી છોડવા લાગ્યા છે જેના કારણે ઉનાળુ વાવેતરમાં ઘરેલું સિંચાઈ વિસ્તાર ઘટવાની દહેશત ઉભી થઈ છે. અધુરામાં પુરુ સુજલામ સુફલામ કેનાલમાં છેલ્લા ૧૯ દિવસથી પાણી છોડવાનું બંધ કરાતાં કમાન્ડ વિસ્તારના ૧૦૦૦થી વધુ બોરા રીચાર્જ થઈ જવાનું બંધ થયું છે. ઉત્તર ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં ભૂગર્ભ જળ પ્રદૂષિત થઈ રહ્યાના અહેવાલ પછી પણ પ્રજામાં અને ખેડૂતોમાં કોઈ મોટો સુધાર આવે તેવા અણસાર નથી. ઉલ્ટાનું ઉનાળુ શરુ થયો એટલે ઠેર ઠેર બોરવેલ ઉંડા કરવા, નવા બોરવેલ બનાવવાની કામગીરી શરુ થતાં જિલ્લામાં જો કોઈ અંકુશ લાવવામાં નહીં આવે તો ફરી એકવાર જિલ્લાના કેટલાક તાલુકાઓને ડાર્ક ઝોનમાં સમાવવા પડે તેવી સ્થિતિ પેદા થઈ છે. આ વર્ષે ગત ચોમાસામાં સારા વરસાદ પછી કેટલાક વિસ્તારોમાં પાણીનાં તળ ઉંચાં આવ્યાં પરંતુ પછી ધરતીના પેટાળમાં કોઈ એવી હલચલ થઈ કે એકાએક પાણીના જળસ્ત્રોત ઉંડા ઉતરી ગયા. અત્યારે સ્થિતિ એવી છે કે વિજયનગર, ખેડબ્રહ્મા, ભિલોડા, માલપુર, મેઘરજ, બાયડ, તલોદ, પ્રાંતિજ, ઈડર, હિંમતનગર સહિતના કેટલાક વિસ્તારોમાં પાણીનાં તળ સરેરાશ ૬૦ થી ૨૦૦ ફૂટ નીચે ગયા છે. અનેક બોરવેલની મોટરો પાણી છોડવા લાગી છે. સારા વરસાદ પછી પણ આવી સ્થિતિ પ્રથમવાર જોવા મળતાં ખેડૂતો પણ આ બાબતને ગંભીરતાપૂર્વક લઈ રહ્યા છે.



**૬ પ્રમુખ બદલાયા છતાં સ્થિતિ ઠેરની ઠેર**

# બાયડ નગરપાલિકા વિસ્તારમાં ૮ વર્ષ પછી પણ ટાઉનહોલનું કામ અધુરુ

**અંદાજીત રૂ ૩ કરોડનો ખર્ચ છતાં પ્રજાને હોલ નસીબ થતો નથી : વારંવાર નબળા કામ અને ભ્રષ્ટાચારના આરોપ લાગ્યા, તપાસ રિપોર્ટ જાહેર થતો નથી**

બાયડ તા.૨૦

બાયડ નગરપાલિકાના વારેણા રોડ ઉપર ૪૦૦ બેઠક ધરાવતો ટાઉન હોલનું કામ હજુ પણ અધુરુ રહેતાં ગાંધીનગર સુધી બાયડ નગરપાલિકાની કામગીરીની નકારાત્મક અસર ઉભી થઈ છે. વારંવાર નબળા કામ અને ભ્રષ્ટાચારના આરોપ લાગ્યા પછી આજદિન સુધી તપાસ રિપોર્ટ જાહેર થયો નથી. જ્યારે ટાઉન હોલના ખાતમૂહર્તથી અત્યાર



સુધીમાં નગરપાલિકામાં ૬ પ્રમુખ બદલાયા પરંતુ પ્રજાને નગરપાલિકા ટાઉન હોલ ક્યારે નસીબ થશે ? તે સુનિશ્ચિત નથી.

પ્રાપ્ત જાણકારી અનુસાર રાજ્ય સરકારના શહેરી વિકાસ વિભાગ દ્વારા દરેક નગરપાલિકા વિસ્તારોમાં ટાઉન હોલનું નિર્માણ થાય અને પ્રજા નાના-મોટા કાર્યક્રમ તેમાં ખુબ રાહત દરે યોજી શકે તે હેતુ હતો. રાજ્યના તત્કાલિન મુખ્ય મંત્રી જ્યારે સરકારમાં મંત્રી હતા ત્યારે તેમના હસ્તે ટાઉન હોલનું ખાતમૂહર્ત કરાયું હતું. તે સમયે ભાજપનું શાસન હોવા છતાં નગરસેવકોની ઓછી હાજરીની નોંધ લેવાઈ હતી. વર્ષ-૨૦૧૫માં ખાત મૂહર્ત પછી ટાઉન હોલનું કામ શરુ થયું પરંતુ ત્યાર પછીના વર્ષોમાં નબળી કામગીરીથી માંડી ભ્રષ્ટાચારના ગંભીર આરોપ લાગ્યા અને કમિશ્નર નગરપાલિકા કચેરી-ગાંધીનગરની સીધી નિગરાની હેઠળ તપાસ થયા પછી આજદિન સુધી રિપોર્ટ જાહેર થયો નથી. ટાઉન હોલમાં વર્ષો પહેલાં લગાવેલી ખુરશીઓ પણ હવે કદાચ અંદર તહસ નહસ થઈ ગઈ હોય તેવી સંભાવના વ્યક્ત થઈ રહી છે. અત્યારે તો અંદાજીત ૩ કરોડના ખર્ચે તૈયાર થયેલ ટાઉન હોલમાં ઘણું ખરું કામ બાકી હોવાથી પ્રજા માટે ઉપયોગમાં લેવાતું નથી પરંતુ જિલ્લા રમત-ગમત વિભાગ દ્વારા બાયડ પાલિકા વિસ્તારના યુવાનોને જીમ માટે ફાળવેલાં અંદાજીત રુ ૨૦ લાખનાં સાધનો કરોડોના ખર્ચે તૈયાર થયેલા ટાઉન હોલમાં ધૂળ ખાઈ રહ્યાની ચર્ચાઓએ જોર પકડ્યું છે. રાજ્યમાં બાયડ નગરપાલિકા પ્રથમ એવી નગરપાલિકા હશે કે જ્યાં – પ્રમુખ બદલાયા છતાં ટાઉન હોલનું લોકાર્પણ થઈ શક્યું નથી.

**પાલિકા તંત્ર કંઈ કહેવા તૈયાર નથી**

બાયડ પાલિકા તંત્ર ટાઉન હોલના નિર્માણ પાછળ કેટલો ખર્ચ થયો, ક્યારે લોકાર્પણ થવાનું છે તે મુદ્દે કંઈ કહેવા તૈયાર નથી. ૨ વર્ષ અગાઉ ઉત્તર ગુજરાત ઝોન કમિશ્નરની હાજરીમાં મોડાસા ખાતે નગરપાલિકાના ચીફ ઓફીસર અને પદાધિકારીઓની બેઠક યોજાઈ ત્યારે પણ બાયડના ટાઉન હોલનું સત્વરે લોકાર્પણ કરવા સ્પષ્ટ સૂચના આપી હતી પરંતુ ૧૮ મહિના પછી પણ સ્થિતિ ઠેરની ઠેર છે અને ફાયર એન.ઓ.સી. મળ્યા પછી પણ લોકાર્પણ ક્યાં અને કેવી રીતે અટક્યું છે તે નગરજનોને સમજાતું નથી.

# ગુંદિયા ગામે ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા દ્વારા ત્યજી દેવાયેલ બાળકીનો જીવ બચાવાયો

**યમરાજને પણ બેકાર કરી મુકતી રાજ્ય સરકારની "૧૦૮ એમ્બ્યુલન્સ સેવા"**

બાયડ તા.૧૯

કહેવાય છે કે "રામ રાખે એને કોણ ચાખે" આવોજ કિસ્સો તલોદ તાલુકાના ગુંદિયા ગામ સામે આવ્યો છે. સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના ગુદિંયા ગામે રાજ્ય સરકારની ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાએ ત્યજી દેવાયેલ બાળકીનો જીવ બચાવ્યો છે.




૧૦૮ સેવાના કર્મચારી રિઝવાનભાઈ જણાવે છે કે અમને વહેલી સવારે ૬:૪૦ કલાકે ગુંદિયા ગામેથી કોલ આવ્યો. કોલ આવતાની સાથે જ ૧૦૮ની ટીમ ઘટના સ્થળે પહોંચી ગયેલ હતી. ત્યાં ગુંદિયા ગામના આગેવાનશ્રી મહેન્દ્રભાઈ પટેલે બનેલ ઘટનાની જગ્યા બતાવી હતી. જગ્યાએ પહોંચતા જ કોઈ અજાણી વ્યક્તિ દ્વારા ત્યજી દીધેલ બાળકી મળી આવેલ હતી.

૧૦૮ ના ઈએમટી રિઝવાનભાઈ,પાઈલોટ પ્રકાશભાઈ અને તેમની ટીમ દ્વારા બાળકીની તાત્કાલિક યોગ્ય સારવાર કરીને હિંમતનગર જી એમ ઈ આર એસ સિવિલ હોસ્પિટલ ખાતે પોંહચાડી બાળકીનો જીવ બચાવવામાં આવ્યો હતો. રાજ્ય સરકારની ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાનો ગ્રામજનોએ આભાર માન્યો હતો.



તલોદ તાલુકા પંથક ના ૧૦૦ થી વધુ ગામો ને વિનામૂલ્યે અને સુયોગ્ય દાકતરી સારવાર પૂરી પાડીને તલોદ ની સિવિલ હોસ્પિટલ ની લોક માનસ માં છાપ ધરાવતી તલોદ ની રેફરલ હોસ્પિટલ (સામુહિક આરોગ્ય કેન્દ્ર) ના સ્ટાફ મિત્રો એ બજાવેલી સુયોગ્ય ફરજ ની કદર કરીને ,તેઓનું સન્માન કરીને ,પીઠ થાબડી ને ,પ્રોત્સાહિત કરવાનો નવતર પ્રયોગ હોસ્પિટલ ના ઈ સુપ્રિ. ડૉ.જતિન પટેલ એ કરીને સ્ટાફ ના આરોગ્ય કર્મી ઓ ને પ્રશસ્તિ પત્ર અને મોમેન્ટો આપી પ્રોત્સાહિત કર્યા હતા. જેમાં તમામ વર્ગના કર્મચારીઓને નો સમાવેશ થાય છે

# સાબરકાંઠા, અરવલ્લીની ૮ નગરપાલિકાઓને વિકાસ કામ આધારે સ્ટાર રેન્કીંગ આપવાનું અદ્ધરતાલ

**અનેક નગરપાલિકાઓમાં વિકાસ કામ ખોરંભે : નગરજનોમાં ધૂંધવાઈ રહેલો રોષ સત્તાધારીઓ માટે વિસ્ફોટક બનવાની દહેશત**

બાયડ (બ્યુરો ઓફીસ) તા.૨૦

નગરપાલિકાઓમાં વિકાસના કામો યોગ્ય રીતે થાય, સારા કામોના આધારે નગરપાલિકાને સ્ટાર રેક્રીંગ આપવા માટે રીજ્યુનલ મ્યુનિસિપલ કમિશ્નર અને શહેરી વિકાસ વિભાગ વચ્ચે ચર્ચા થયા પછી ૧ વર્ષ અગાઉ સ્ટાર રેક્રીંગ આપવાનો નિર્ણય કરી દરેક પાલિકાઓના ચીફ ઓફીસર, પ્રમુખ વગેરેને બોલાવી બેઠક યોજવામાં આવી હતી પરંતુ શેઠની શીખામણ ઝાંપા સુધીની ઉક્તિ અનુસાર ૧ વર્ષ પછી પણ વિકાસના કામો આધારે સ્ટાર રેક્રીંગ આપવાનું અદ્ધરતાલ રહ્યું છે. હિંમતનગર, ઈડર, ખેડબ્રહ્મા, મોડાસા, બાયડ, પ્રાંતિજ સહિતની નગરપાલિકાઓમાં નબળી ગુણવત્તાના વિકાસ કામો સહિત કોન્ટ્રાક્ટરો કેટલાક કિસ્સાઓમાં કામ છોડી દીધાના આરોપ લાગ્યા છે. નગરજનોમાં ધૂંધવાઈ રહેલો રોષ સત્તાધારીઓ માટે વિસ્ફોટક બનવાની દહેશત વ્યક્ત થઈ રહી છે. પ્રાપ્ત જાણકારી અનુસાર આજથી બરાબર ૧ વર્ષ અગાઉ રીજ્યુનલ મ્યુનિસિપલ કમિશ્નર અને શહેરી વિકાસ વિભાગ દ્વારા રાજ્ય સહિત સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની ૮ નગરપાલિકાઓમાં વિકાસના કામો માટે એક પ્રકારની હરિફાઈ ઉભી થાય તેમજ જનસુખાકારી, સુવિધા વૃદ્ધિના કામોની સરખામણી કરી સારી કામગીરી કરતી નગરપાલિકાઓને કામગીરીના આધારે સ્ટાર રેક્રીંગ આપવાનો નિર્ણય કર્યો હતો અને હિંમતનગર તથા મોડાસામાં તબક્કાવાર ૮ નગરપાલિકાઓના ચીફ ઓફીસર, પદાધિકારીઓ સાથે બેઠક યોજવામાં આવી હતી અને બેઠકમાં પ્રથમ મુદ્દો તો લાંબા સમયથી અનેક પાલિકાઓમાં ભરતી થઈ નથી જેના કારણે પાલિકાઓમાં સ્વભંડોળ તળીયા ઝાટક થઈ રહ્યું છે જેના કારણે વિકાસના કામોને અસર થયાનો મુદ્દો બહાર આવ્યો. તાબડતોબ ચીફ ઓફીસરોને ભરતી પ્રક્રીયા કરવા સૂચના આપ્યા પછી ગુજરાતી આરંભે સૂરાની જેમ એક પખવાડીયું હલચલ દેખાઈ અને ત્યાર પછી બધું ભૂલી જવાયું. વિકાસના કામોમાં પ્રગતિ તો ઠીક પરંતુ અનેક નગરપાલિકાઓમાં વિકાસના કામોમાં લોટ, પાણીને લાકડાં જેવી સ્થિતિ સામે આવી છે. જે કોન્ટ્રાક્ટરને ટેન્ડર લાગ્યું હોય તેના બદલે તેના મળતિયાઓ અને કેટલાક કિસ્સાઓમાં તો પદાધિકારીઓના ફોલ્ડરીયાઓ જગજાહેર નબળા કામ કરતા હોવા છતાં પ્રજાની ફરિયાદ સાંભળવામાં આવતી નથી. સરકારમાંથી વિકાસ કામોના આધારે સ્ટાર રેક્રીંગ આપવાનો નિર્ણય ઉમદા હતો પરંતુ સીસ્ટમમાં તળીયા થી ટોચ સુધી ભ્રષ્ટાચાર વ્યાપેલો હોવાથી વિકાસના કામો તકલાદી થઈ રહ્યા છે. કેટલીક નગરપાલિકાઓમાં તો કાયમી બાંધકામ ઈજનેર સહિત સ્ટાફ આજદિન સુધી નિયુક્ત થયો નથી અને તેનો ગેરફાયદો ઈન્ચાર્જ કર્મચારી ઉઠાવી રહ્યા છે.

# પ્રાંતિજ અવરઓન ઈંગ્લિશ મિડીયમ સ્કુલ ખાતે એન્યુઅલ પ્રાઈઝ ડીસ્ટ્રીબ્યુશન ડે યોજાયો



પ્રાંતિજ તા.૨૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ અવરઓન ઈંગ્લીશ મીડીયમ સ્કૂલ ખાતે એન્યુઅલ પ્રાઈઝ ડીસ્ટ્રીબ્યુશન ડે યોજાયો

પ્રાંતિજ રેલ્વેસ્ટેશન વિસ્તાર મા આવેલ શ્રી કેળવણી મંડળ સંચાલિત વિવિધ સંસ્થાઓ પૈકી પ્રાંતિજ અવરઓન ઈંગ્લિશ મિડીયમ સ્કુલ ખાતે એન્યુઅલ પ્રાઈઝ ડીસ્ટ્રીબ્યુશન ડે યોજાયો હતો જેમા સમગ્ર વર્ષ દરમ્યાન વિવિધ કોમ્પિટિશન જેવી કે કવીઝ કોમ્પિટિશન , ઈલો કયુશન કોમ્પિટિશન , કાઈટ મેકીંગ , રાખી , સ્ટોરી રાઈટીંગ , નવરાત્રી , ડ્રોઈંગ વગેરે મા પ્રથમ , દ્વિતીય , તૃતીય નંબર વિજેતા વિધાર્થીઓને ટ્રોફી તથા સર્ટી ફિકેટ આપી પ્રોત્સાહિત કર્યા હતા આ ઉપરાંત કલાસ રેક્રર્સ , સાયન્સ ફેર ,સાયન્સ ઓલિમ્પિયાડ તથા વિવિધ રમતોમા પણ તાલુકા તથા જિલ્લા કક્ષાએ વિજેતા થયેલ વિધાર્થીઓને શાળા દ્વારા ઈનામ આપી ટોફી આપીને પ્રોત્સાહિત કરવામા આવ્યા હતા તો આ પ્રસંગે શાળા પ્રિન્સીપાલ દર્શિલ ભાઈ દેસાઈ તથા શાળા સ્ટાફ દ્વારા વિધાર્થીઓને મેડલ તથા સર્ટીફિકેટ આપી ને પ્રોત્સાહિત કર્યા હતા તો સંસ્થાના મંત્રી રઈશભાઈ કસ્બાતી દ્વારા વિજેતા દરેક વિધાર્થોઓને શુભેચ્છાઓ શુભકામનાઓ પાઠવી હતી.

# પાલનપુર શહેરમાં રખડતા પશુઓનો આંતક ... સિવિલ હોસ્પિટલ આગળ બે આખલાઓ વચ્ચે યુદ્ધ ખેલાયું

પાલનપુર તા.૨૦

પાલનપુરના રખડતા પશુઓની સમસ્યા દિન પ્રતિદિન વકરી રહી છે. જેમાં કેટલીકવાર પશુઓ જાહેર માર્ગ પર બાખડીને લોકોને નુકશાન પહોચાતા હોય છે. જે વચ્ચે સિવિલ હોસ્પિટલ આગળના જાહેર માર્ગ પર બે નંદી યુધ્ધે ચડતા લોકોમાં અફરા તફરી મચી જવા પામી છે.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,પાલનપુરમાં ખોરાકની શોધમાં ભટકાતા પશુઓની શહેરમાં



જાહેર માર્ગ પર અડિંગો જમાવી દેતાં હોય છે અને શેરી મહોલ્લામાં લટાર મારતા હોઈ લોકોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. જેમાં આ રખડતા પશુઓ ક્યારેક લોકોને અડફેટે લઈ નુકશાન કરતા હોય છે. તેમ છતાં પાલીકા તંત્ર દ્વારા રખડતા પશુઓ બાબતે આંખ આડા કાન કરવામાં આવી રહ્યા હોઈ શહેરમાં રખડતા પશુઓનો આતંક વધવા પામ્યો છે. જેમાં લોકોની ભીડ ધરાવતા સિવિલ હોસ્પિટલ આગળના માર્ગે પર બે આખલાઓ વચ્ચે યુદ્ધ ખેલાતા લોકોમાં અફરા તફરી મચી જવા પામી હતી. જેને લઈને વેપારીઓને આખલા જુદા કરાવવા ભારે જહેમત ઉઠાવવી પડી હતી.

# પાલનપુરમાં ખાણીપીણીના સ્ટોલ- લારીઓ પર ચેકીંગ...

**પાલિકા અને આરોગ્ય વિભાગની ટીમે સ્થળ પર વસુલ્યો રૂ.૨૦,૦૦૦નો દંડ**

પાલનપુર તા.૨૦

હવે ઉનાળો બરાબર શરૂ થયો છે ત્યારે પાલનપુર નગરપાલિકાના નવનિયુક્ત કર્મયોગી મુખ્ય અધિકારી નવનીત પટેલ અને પાલિકા પ્રમુખ કિરણ રાવલ ઉપપ્રમુખ હસમુખ પઢીયાર કારોબારી ચેરમેન દીપક પટેલ તથા સેનિટેશન ચેરમેન અમિ પટેલની સંયુક્ત ચર્ચાઓ બાદ શહેરમાંઉનાળાના પ્રારંભે પાલનપુર નગર પાલિકાના સેનિટેશન વિભાગ અને આરોગ્ય વિભાગના સંયુક્ત ઉપક્રમે ખાણીપીણીની લારીઓ અને સ્ટોલ સામે તવાઈ હાથ ધરવામાં આવી હતી. જેમાં ગંદકી અને આરોગ્ય વિષયક લાપરવાહી દાખવનાર લારીઓવાળા ઓ દંડાયા હતા.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,

પાલનપુર નગરપાલિકા સેનીટેશન વિભાગ અને આરોગ્ય વિભાગ ના સંયુક્ત ઉપક્રમે ઉનાળાની શરૂઆત થતા કોઝી વિસ્તારથી લઈને નવા સ્ટેન્ડ સુધી ખાણીપીણીના સ્ટોલ, લારી ધારકો પાસે ચેકીંગ હાથ ધર્યું હતું. જેમાં સ્થળ પર જ રૂ.૨૦,૦૦૦ દંડ પણ વસુલ કરવામાં આવ્યો હતો. આ રેડ દરમ્યાન સેનીટેશન સુપરવાઈઝર ભાવેશ તરાલ, ઉત્સવ ઠાકોર, આરોગ્ય વિભાગમાંથી રાજુભાઈ, નરેન્દ્ર સાધુ સાહિતનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

## ઘુલ કા ફૂલ

# ગુંદીયા ગામના સીમાડામાંથી તરછોડાયેલ નવજાત શિશુ મળ્યું : હિંમતનગર સિવિલ હોસ્પિટલના બિછાને સારવાર દરમિયાન મોતને ભેટ્યું

તલોદ તા.૨૦

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકા ના ગુંદીયા ગામના સીમાડા ના એક ઉકરડા માંથી કોઈક અભાગણી માતા એ જન્મ આપીને ત્યજી દીધેલા આક્રંદ કરતું એક નવજાત શિશુ ( બાળકી )બિન વારસી હાલત માં મળી આવતા ચકચાર મચી હતી .જેનું હિંમતનગર સિવિલ હોસ્પિટલ માં ગણતરી ની મિનિટ ની સારવાર દરમ્યાન કરૂણ મોત નિપજ્યું હતું .

કોઈક અભાગણી માતા એ પોતાના પેટનું પાપ છુપાવવા આમ જન્મ આપીને પોતાના કાળજાના કટકા જેવી દીકરી ને આમ ઉકરડા ની ગંદકી માં છોડી દઈને મોં છુપાવવાની કરેલ કોશિશ ભારે ધિક્કાર અને ફિટકાર ને પાત્ર લેખાઈ રહી છે.

"ધૂલ કા ફૂલ"..જેવી નવજાત શિશુ ના અલ્પ જીવન ની દર્દનાક વાત કઈક એવી છે કે, તલોદ તાલુકાના ગુંદીયા ગામના વાઘેલા વાસ માં રહેંતા એક યુવાને આજે નજીકના ઉકરડા માંથી કોઈક બાળકના રડવાનો અવાજ સાંભળ્યો હતો.. તેણે જોયું તો તાજુ જ જન્મેલું બાળક ત્યાં કોઈક તરછોડી ગયું હતું ... તેણે તત્કાળ ગામ ના અગ્રણી અને ગુંદીયા દૂધ મંડળી ના ચેરમેન મહેન્દ્રભાઈ ડાહ્યાભાઈ પટેલ ( તોરણ કોલ્ડ સ્ટોરેજ વાળા) ને જાણ કરતા મહેન્દ્રભાઈ ઘટના સ્થળે દોડી પહોંચ્યા હતા. .. જ્યાં તાજી જન્મેલી બાળકી ડુસકા લઈ રહી હતી ..તેનો જીવ બચાવવા ની પ્રાથમિકતા ને કેન્દ્ર સ્થાને રાખીને તેમણે ૧૦૮ ની સેવા મારફત બાળકીને હિંમતનગર સિવિલ હોસ્પિટલ પહોંચાડવાની માનવીય ફરજ બજાવી હતી ...અને તલોદ પોલીસ ને પણ ઘટના ની જાણ કરી હતી ..બાદ તેઓએ રૂબરૂ તલોદ પો.સ્ટે.ખાતે પહોંચી ને બિનવારસી નવજાત શિશુ ( બાળકી) મળી હોવાની નોંધ કરાવી હતી. જે આધારે પોલીસ તપાસ ચલાવશે .

ઉકરડા માં કણસતી હાલતમાં તદન તાજુ જ જન્મેલું બાળક રડમસ હાલત માં પડ્યું છે ..તેવી વાત પંથક માં વાયુ વેગે ફેલાતાં લોકટોળા ઘટના સ્થળે ધસી ગયા હતા . સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવેલ આ નવજાત શિશુ (બાળકી) ને માટે કોઈ દાકતરી સારવાર સફળ રહે તે પહેલાં જ તેણી એ આક્રંદ સાથે અલ્પ આયુ ભોગવીને , પોતાની આંખોથી આ ફાની દુનિયાને જોયા પહેલા જ કાયમી માટે આંખો બંધ કરી દઈને અલવિદા કરી દીધી હતી ...!!

શેર માટીની ખોટ પૂરવા, લોકો પથ્થર એટલા દેવ કરે છે...બીજી તરફ દીકરી નો જન્મ એટલે કે જાણે પથરો જન્મ્યો તેવું કયાક બોઝિલ લાગે છે..આવા કિસ્સા માં અથવા કોઈ અભાગણી માતા એ પોતાના પેટનું પાપ છુપાવવા પોતાના નવજાત શિશુ (બાળકી) ને તલોદ તાલુકાના ગુંદીયા ગામના એક ઉકરડા માં તરછોડી દીધી હતી... કલાકો પહેલાં જ જન્મેલી આ



ઘટનાની દયનીય હાલત માં ઉકરડા ની ગંદકી માં સબડતી બાળકી ને બચાવી લેવાના પ્રયાસો નિષ્ફળ રહ્યા હતા. સિવિલ હોસ્પિટલ હિંમતનગરના બિછાને સારવાર દરમિયાન આ નવજાત શિશુએ પોતાની આંખ ખુલે તે પહેલા જ કાયમ ને માટે આંખ મીંચી દઈને આ ફાની દુનિયાને અલવિદા કરી દીધી હતી..

# ઉત્તર ગુજરાતના પ્રાદેશિક કમિશ્નર પાલનપુર નગરપાલિકાની મુલાકાતે

**ભંગારમાં ભ્રષ્ટાચાર મામલે તપાસનો ધમધમાટ: રેકર્ડ કબ્જે લઈ નિવેદન લેવાય**

પાલનપુર તા.૨૦

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકા માં ભંગારમાં થયેલા ભ્રષ્ટાચાર મામલે નગરપાલિકાના પ્રાદેશિક કમિશ્નર કચેરીના ઉત્તર ગુજરાત ઝોન ઈન્ચાર્જ પાલનપુર પાલિકાની મુલાકાતે આવ્યા હતા. જેઓએ રેકર્ડ કબ્જે કરી નિવેદનો



મેળવી તપાસનો ધમધમાટ શરૂ કરતા પાલિકા વર્તુળમાં ખળભળાટ મચી જવા પામ્યો છે.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકા માં અંદાજે રૂ. વીસેક લાખનો ભંગાર દશેક લાખમાં પધરાવી દેવાયો હોવાનો મામલો બહાર આવતા શાસકોની ઊંઘ હરામ થઈ ગઈ છે. ત્યારે પાલિકાની તિજોરીને નુકસાન પહોંચાડનાર જવાબદારો સામે પગલાં ભરવાની માંગ સાથે વિપક્ષના નેતા અંકિતા ઠાકોરે ધરણાં, ભૂખ હડતાળ સુધીનું આંદોલન આદર્યું હતું. બાદમાં, વિપક્ષના નેતાએ નગર પાલિકાના પ્રાદેશિક કમિશ્નર સમક્ષ રજુઆત કરતા મામલો ગરમાયો હતો.

દરમિયાન, આજે નગરપાલિકાના પ્રાદેશિક કમિશ્નરના ઉત્તર ગુજરાતના ઝોન ઈન્ચાર્જ તિલક શાસ્ત્રી પાલનપુર નગરપાલિકા દોડી આવ્યા હતા. જેઓ એ આજે પાલનપુર નગરપાલિકા કચેરી એ આવી ફરિયાદી વિપક્ષના નેતા અંકિતા ઠાકોર ના નિવેદનો લઈને મૂળ રેકર્ડ કબ્જે કરી તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.

**ગેરરીતિ જણાતા પગલાં ભરાશે**

**ગુજરાત નગરપાલિકાના પ્રાદેશિક કમિશનર કચેરીના ઝોન ઇન્ચાર્જ તિલક શાસ્ત્રીએ જણાવ્યું હતું કે, મૂળ રેકર્ડ કબ્જે કરાયું છે. જેમાં મૂળ રેકર્ડ પરથી તપાસ કરવામાં આવશે. જેમાં કોઈ ગેરરીતિ જણાશે તો કસુરવારો સામે પગલાં ભરવામાં આવશે.**